# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલોં કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# JUNAGADH LION SEMINAR

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરાએ જણાવ્યુ, સિંહોના અસ્તિત્વ માટે તેમના પ્રાકૃતિક આવાસનું રક્ષણ જરૂરી છે. જૂનાગઢ જિલ્લાના સાસણ ખાતે આજે સિંહ સંવર્ધન પર યોજાયેલા આંતરરાષ્ટ્રીય સેમિનારમાં શ્રી બેરાએ જણાવ્યુ કે કેન્દ્ર સરકારના સંવેદનશીલ દ્રષ્ટિકોણ અને રાજ્ય સરકારના પ્રયાસોથી સિંહોના સંરક્ષણનું કાર્ય થઈ રહ્યું છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે ગુડ પ્રેક્ટિસ ફોર ધી લોંગ ટર્મ કન્ઝર્વેશન ઓફ એશીયાટીક લાયનસ ઇન ગુજરાત અને ગ્રોઈંગ ટુ ગેધર હાઈલાઈટિંગ હાર્મોની ઓફ કન્ઝર્વેશન એન્ડ કોમ્યુનિટી પુસ્તકનું વિમોચન કરાયું. આ સેમીનારમાં વિવિધ દેશના 160થી વધુ પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . .

# Anganwadi worker

આંગણવાડીમાં આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોની 9 હજાર જગ્યાઓ પર કામ કરવા ઈચ્છુક મહિલાઓ આગામી 30મી ઓગસ્ટ સુધી e-HRMS વેબ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન અરજી કરી શકશે.

આ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી કરવાની પદ્ધતિની માર્ગદર્શિકા e-HRMS.gujarat.gov.in વેબસાઈટ પર મુકવામાં આવી છે. આંગણવાડીમાં અરજી કરવા માટે ગ્રામીણ સ્તરે કામ કરતા VCE મારફતે

પણ ફોર્મ ભરી શકાશે. આ જગ્યાઓ માટે અરજી કરનાર મહિલાઓની જિલ્લા પ્રમાણે મેરીટ આધારે પસંદગી કરવામાં આવશે. સાથે જ અગાઉ આંગણવાડીમાં તેડાગર બહેનોની જગ્યા પર ૧૦ કે તેથી વધુ વર્ષનો અનુભવ હશે તેમને આંગણવાડી કાર્યકર તરીકે પસંદગી કરવામાં અગ્રતા આપવામાં આવશે. આંગણવાડી કાર્યકર માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ અથવા ધોરણ ૧૦ પાસ, AICTE માન્યતા પ્રાપ્ત કોઈ પણ ઓછામાં ઓછો બે વર્ષનો કોર્સ પાસ કરેલો હોવો જરૂરી છે. આંગણવાડી તેડાગર માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ રાખવામાં આવી છે. આ માનદસેવામાં અરજી કરવા માટે ૧૮ થી ૩૩ વર્ષની ઉંમર હોય તે મહિલા જ અરજી કરી શકે છે.

. . . . . . . . . . .

# HAR GHAR TIRANGA - DISTRICT

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ડાંગ જિલ્લાના આહવામાં યોજાયેલી તિરંગા યાત્રામા 1300 જેટલા વિદ્યાર્થીઓ, પોલીસ વિભાગના 200થી વધુ કર્મચારીઓ સહિત અંદાજે 2 હજાર લોકો જોડાયા હતા. મહીસાગર જિલ્લા પોલીસે લુણાવાડાની એસ.પી. કચેરીથી કડાણા ડેમ સુધી તિરંગા બાઇક રેલી યોજી, જેમાં દેશભક્તિની ભાવના સાથે ટ્રાફિક સલામતીનો સંદેશ પણ અપાયો હોવાનું જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા એ જણાવ્યુ હતું.

(બાઇટ: જયદીપસિંહ જાડેજા, SP મહીસાગર)

મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતે ધારાસભ્ય કિરીટ પટેલની ઉપસ્થિતમાં તિરંગા યાત્રા યોજાઇ. મોરબી તાલુકાના બેલા ગામમાં શાળા પરિવાર દ્વારા યોજાયેલી તિરંગા રેલીમાં જિલ્લા કલેક્ટર કે.બી ઝવેરી શાળાના ભૂલકાઓ સાથે જોડાયા હતા. સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડીની પ્રાથમિક શાળા ક્રમાંક એક અને બે ખાતે 'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત તિરંગા રેલી, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઇ જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 64 ટકાથી વધુ વરસાદ નોંધાયો, જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 68 ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે એટલે કે 70 થી 100 ટકા ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં 75 ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે. હાલની સ્થિતિમાં રાજ્યના તમામ ગામોમાં વીજ પુરવઠો તેમજ એસ.ટી બસના તમામ રૂટ પર બસો કાર્યરત છે. દરમિયાન વાવેતરની વાત કરવામાં આવે તો રાજ્યમાં 52 ટકાથી

વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થયું છે. જેમાં સૌથી વધુ 20 લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે.

આજે સુરત, વલસાડ તાપી ડાંગ સહિત દક્ષિણ ગુજરાત અને રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, જુનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન માછીમારોને 11 થી 14 ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના અપાઈ છે.

. . . . . . . . . . .

# SHRAVAN SOMVAR

આજે શ્રાવણ મહિનાનો ત્રીજો સોમવાર છે. ત્યારે રાજ્યના શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું છે. સોમનાથ મંદિરે આજે વહેલી સવારથી દ્વાર ભાવિકો માટે ખોલવામાં આવ્યા. બમબમ ભોલે હર હર મહાદેવના નાદ સાથે મંદિર ગુંજયું હતું. મંદિર પરિસરમાં આજે પાલખીયાત્રા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણાના વડનગરના હાટકેશ્વર મહાદેવ મંદિરે દર્શન કર્યા.

. . . . . . . . . . .

# MEHSANA – VEHICLE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણાની વિસનગર નગરપાલિકા વિસ્તારમાં સૂકો અને ભીનો કચરો એકત્ર કરવા માટે 13 વાહનોને લીલીઝંડી આપી. આ દરેક વાહનમાં જીપીએસ સિસ્ટમથી મોબાઈલ એપ્લિકેશન દ્વારા જોડાણ કરી શકાય છે. જેથી વાહન ક્યાં પહોંચ્યું છે તેની માહિતી મળી શકશે અને ન ગયું હોય તો ફરિયાદ મળે તેનો નિકાલ પણ કરાશે. 15મા નાણાંપંચ અંતર્ગત એક કરોડ 10 લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી 15 વાહનો ખરીદાયા છે.

. . . . . . . . . . .